CMA NO 45 OF 2019

ORDER BELLOW EX - 01

**– : : આંક – ૧ તળેનો હુકમ : : –**

(૧) આ કામે હાલની અરજી કરી આ કામના અરજદાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના અરજદારના પિતા ગુજરનાર રવજીભાઈએ ગોંડલ મુકામે દીવાની પરચુરણ અરજી નં. – ૮/૨૦૦૫ થી દાખલ કરેલી. સદર અરજી તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ રદ કરવાનો હુકમ કરવામાં આવેલ હોય સદર અરજી રીસ્ટોર કરાવવા માટે રીસ્ટોરેશન અરજીમાં કરવામાં આવેલો વિલંબ તેર માસનો માફ કરવા માટે હાલની અરજી રજુ રાખવામાં આવેલ છે. આ તેર માસનો વિલંબ થવાનું કારણ રજુ રાખવામાં આવેલ છે તે ઘ્યાને લેવામાં આવે તો સદર અરજી હાલના કામના અરજદારના પિતા તથા અરજદારોના કાકા જયસુખભાઈએ દાખલ કરેલી છે અને તેની તેઓ જ કાર્યવાહીઓ કરતા હોય અરજદારોને અરજી બાબતે કોઈ જાણકારી ન હોય તેવું કારણ રજુ કરેલ છે. આ કામના અરજદારોના પિતાને તેમના વકીલશ્રીએ જણાવેલ કે જયારે જરૂરિયાત પડશે ત્યારે બોલાવીશ તેથી તેઓને માહિતી નહિ હોવાનું જણાવેલ છે. અરજદારોના પિતાને કમનસીબે તેમના વકીલશ્રીએ જાણ કરેલ ન હોય તેવું કારણ જણાવવામાં આવેલ છે. અરજદારોના પિતા અવસ્થાના કારણે તેમના વકીલશ્રીને મળી શકેલ નહી હોવાનું કારણ રજુ કરવામાં આવેલ છે. અરજદારોના પિતાના અવસાન બાદ અરજદારોને માહિતી ન હોવાથી તેઓના વકીલશ્રીનો સંપર્ક કરી શકેલ નહિ હોવાનું કારણ જણાવવામાં આવેલ છે. તેર માસનો વિલંબ થયેલ છે તેમાં તેઓનો કોઈ કસૂર નથી, પરંતુ પોતે કાયદાના અજ્ઞાન હોવાનું અને મજૂરી કામ કરતા હોવાથી વિલંબ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. અરજદારો માહિતી મળતા હુકમની નકલ મેળવી અલગ – અલગ વકીલશ્રીઓને બતાવેલ અને આખી ફાઈલ ન હોવાથી ફાઈલ કઢાવવા માટે વિલંબ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. સમયમર્યાદામાં અરજી દાખલ નહિ કરવા બદલ તેઓની કોઈ ઈરાદાપૂર્વકની કસૂર નહિ હોવાનું જણાવવામાં આવેલ છે. અરજદારની થયેલ ઢીલના કારણે સામાવાળાની તરફેણમાં કોઈ લાભ થયેલ હોય તેમજ કોઈ હુકમ થયેલ હોય કે કોઈ હકક – અધિકાર ઉત્પન્ન થયેલ હોય તેવી

હકીકતો રહેલી નથી તેવું જણાવવામાં આવેલ છે. જો અરજી રીસ્ટોર કરવામાં આવે નહિ તો આ કામના અરજદારોને તેઓના દાદાની મિલકત પરત્વેના તેઓના હકક – અધિકારોથી વંચિત થઈ જશે તેવું જણાવવામાં આવેલ છે તેમ જણાવી આ કામે અરજી દાખલ થવામાં થયેલ માસ તેરનો વિલંબ માફ કરવા રજુઆત કરેલ છે.

(૨) હાલની અરજી પ્રથમ ગોંડલ મુકામેની અદાલતમાં દાખલ કરવામાં આવેલી હતી. જે – તે સમયે જેતપુર મુકામે સિનિયર સિવિલ અદાલત ન હોય તેથી ગોંડલ મુકામે રજુ રાખતા ગોંડલ મુકામે આ અરજીના નંબર – ૨૯/૨૦૧૭ થી આપવામાં આવેલા છે. ત્યારબાદ નામદાર ગુજરાતની વડી અદાલતના આદેશથી જેતપુર મુકામે સિનિયર સિનિયર અદાલત શરૂ થતા આ અરજી નામદાર ડીસ્ટ્રીકટ અદાલતના આદેશથી ગોંડલથી જેતપુર મુકામે ટ્રાન્સફર કરવામાં આવતા આ અરજીના નવા નંબર દીવાની પરચુરણ અરજી નં. – ૪૫/૨૦૧૯ થી આપવામાં આવેલા. આ અરજી જેતપુર મુકામે ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ આ કામના પક્ષકારોને નોટીસ કરવામાં આવેલી, પરંતુ આ કામના સામાવાળા જેતપુર મુકામે હાજર રહેલા નહી. આ કામે અરજદાર તરફે વિ. વ. શ્રી હાજર રહેલા.

(૩) આ કામના અરજદારો તરફે હાલની અરજી ગોંડલ મુકામે રજુ રાખવામાં આવેલી ત્યારે મારા પુરોગામીશ્રીએ આ કામના સામાવાળાને હાજર રહેવા નોટીસ કરવામાં આવતા સામાવાળા અદાલત સમક્ષ વકીલ મારફતે હાજર થયેલા. આ કામના સામાવાળા અદાલતમાં હાજર થયા બાદ સામાવાળા તરફથી નિયત સમયમર્યાદામાં વાંધાજવાબ રજુ રાખવામાં આવેલ ન હોય મારા પુરોગામીશ્રીએ આંક – ૯ ની અરજી તળે હુકમ કરી મુદતની માંગણી રદ કરેલી ત્યારબાદ સામાવાળા તરફથી આંક – ૧૦ થી જવાબનો હકક ખોલી આપવા માટેની માંગણી કરતા મારા પુરોગામીશ્રી તરફથી સદર અરજી સાંભળવા માટે રાખવામાં આવેલી અને આ કામના સામાવાળાના વાંધાજવાબ કામમાં દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલો છે તેવી કોઈ

હકીકતો ફલિત થતી નથી. આ કામના સામાવાળા તરફે અદાલત સમક્ષ હાજર થવાની દરકાર કરવામાં આવેલ ન હોય તે સંજોગો ધ્યાને લેતા આ કામના સામાવાળાને આંક – ૧૦ વાળી અરજી આગળ ચલાવવા માટે કોઈ દરકાર હોય તેવું ફલિત થતું નથી, તે સંજોગોને ધ્યાને લેતા આ કામે સામાવાળા તરફે કોઈ રજુઆત હોય તેવું માનવાને કારણ જણાય આવતું નથી.

(૪) આ કામે અરજદાર તરફે વિ. વ. શ્રીની આંક – ૧૯ થી તેઓની અરજીની હકીકતોને અનુરૂપ લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે તેમજ તેઓની રજુઆતના સમર્થન ૧૯૯૪(૧) જી. એલ.એચ. પાના નં. ૧૬, છગાભાઈ રામાભાઈ અને બીજા વિ. છોટાભાઈના વારસદારો અને બીજા નો ચુકાદો રજુ રાખવામાં આવેલ છે તેમજ ૧૯૯૩(૦) જી. એલ. એચ. ઈ. એલ. એચ. સી. પાના નં. ૨૦૧૩૨૦ બાલુબેન વા./ઓ. ઉદેસીંહ હીમતસીંહ પરમાર વિ. મણીબેન ડો./ઓ. હીમતસીંહ દાદાભાઈ સોલંકી ના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલા છે. અરજદાર તરફે સદર ચુકાદાઓ રજુ રાખી આ કામના અરજદારની અરજી મંજુર કરી અરજી દાખલ કરવા માટે થયેલ માસ તેરનો વિલંબ માફ કરવા માટે રજુઆત કરવામાં આવેલ છે.

આ કામે સામાવાળા તરફે કોઈ હાજર ન હોય સામાવાળા તરફે કોઈ દલીલ નહિ હોવાનું ફલિત થઈ રહેલ છે.

(૫) આ કામે અરજદારની અરજીની હકીકતોના અનુસંધાનમાં અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ નામદાર ગુજરાતની વડી અદાલતના ચુકાદાઓની હકીકતોને ચુકાદામાં ઠરાવવામાં આવેલા માર્ગદર્શક સિધ્ધાંતોને વંચાણમાં લેવામાં આવે તો વિલંબ માફ કરવાની અરજીના અનુસંધાને અદાલતોએ ખુબ ટેકિનકલ નહિ થતાં લીબરલ વ્યુ રાખવો જોઈએ તેવા માર્ગદર્શક સિધ્ધાંતો ફલિત થઈ રહેલ છે. આ માર્ગદર્શક સિધ્ધાંતો બાબતે કોઈ તકરાર થઈ શકે નહી. નામદાર ગુજરાતની વડી અદાલતે ઠરાવેલા માર્ગદર્શક સિધ્ધાંતો આ અદાલત

માટે કાયદાનું સ્થાન ધરાવે છે પરંતુ આ માર્ગદર્શક સિધ્ધાંતો અરજદારની અરજી તથા અરજદારની વર્તણૂક સાથે વંચાણે લઈ ધ્યાને લેવાના રહે છે. આ સિધ્ધાંતો આ કામના અરજદારને કેટલા મદદરૂપ થઈ શકે છે તે બાબતે અરજદારની વર્તણૂક ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવાનો હોય છે.

(૬) આ કામે હાલની અરજીના અનુસંધાને અરજદાર તરફે કરવામાં આવેલી રજુઆતો વંચાણમાં લેવામાં આવે તો આ કામના અરજદારે એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદારે દીવાની પરચુરણ અરજી નં. – ૮/૨૦૦૫ ના કામે થયેલ હુકમ રદ કરવા માટે આ કામના અરજદારને માસ તેરનો વિલંબ થયેલ છે અને આ માસ તેરનો વિલંબ થવા માટે આંક – ૧ ની અરજીમાં અરજદારો તરફથી જે કારણો રજુ કરવામાં આવેલા છે તે કારણો આધારે વિલંબ થયેલ હોવાનું અરજદારોનું કથન રહેલ છે. આ કામે સામાવાળા તરફે રજુ રાખવામાં આવેલ વાંધા જવાબને કામમાં દાખલ કરાવવા માટે સામાવાળા તરફે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી ત્યારે આ કામે સામાવાળા તરફે કોઈ વાંધાજવાબ ન હોવાની હકીકતોએ અદાલતે અરજદારની અરજી તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ આગળ હુકમ કરવાનો રહે તેવી રેકર્ડ પરની પરિસ્થિતિ જણાય આવે છે.

(૭) આ કામના સામાવાળા તરીકે અરજદાર તરફથી જોડવામાં આવેલી વ્યકિત એટલ ે કે જયસુખભાઈ સામજીભાઈ તે આ કામના અરજદાર તરફે રજુ રાખવામાં આવેલા માર્ક – ૩/૧ વાળી અરજીના અરજદાર નં. – ૧ એટલે કે અરજદાર તરફે દાખલ કરવામાં આવેલ દીવાની પરચુરણ અરજી નં. – ૮/૨૦૦૫ ના કામે અરજદારના કાકા આ અરજીના અરજદાર નં. – ૨ તરીકે હોય તેવી હકીકતો ફલિત થઈ રહેલ છે. આ કામે માર્ક – ૩/૧ થી રજુ રાખવામાં આવેલી અરજી વંચાણમાં લેવામાં આવે તો આ કામના સામાવાળા એટલે કે હાલની અરજીના સામાવાળા તે મુખ્ય અરજીના અરજદાર તરીકેની સ્થિતિ જણાય આવે છે.

**CMA NO 45 OF 2019**

**ORDER BELLOW EX - 01**

(૮) આ કામે માર્ક – ૩/૧ થી રજુ રાખવામાં આવેલ અરજી વંચાણમાં લેવામાં આવે તો તેમાં ગુજરનાર શામજીભાઈ હીરજીભાઈ સિધ્ધપરા તરફથી તેઓની મિલકતનું રજીસ્ટર્ડ વીલ કરી આપવામાં આવેલ હોય અને આ વીલથી તકરારી વીરપુર મુકામેની મિલકત આ કામના હાલના અરજદારના પિતા તથા આ કામના સામાવાળા જયસુખભાઈને આપવામાં આવેલી હોય તેવું માર્ક – ૩/૧ વાળી અરજી વંચાણમાં લેતા ફલિત થઈ રહેલ છે. માર્ક – ૩/૧ વાળી અરજી વધુમાં વંચાણમાં લેવામાં આવે તો પેરેગ્રાફ નં. – ૨ માં ગુજરનાર શામજીભાઈના અન્ય સંતાનો સાત વારસદારો દર્શાવવામાં આવેલા હોય તેવું ફલિત થઈ રહેલ છે. આ કામેની હાલની અરજીનો આંક – ૧ વંચાણમાં લેવામાં આવે તો આ સાત વારસદારો પૈકી કોઈને પણ સામાવાળા તરફે જોડવામાં આવેલા હોય અથવા તેઓએ આ અરજીના સમર્થનમાં કોઈ સોગંદનામું કરી આપેલ હોય અને અરજદારોને સમર્થન કરેલ હોય તેવી હકીકતો ફલિત થતી નથી ત્યારે આ કામેના હાલના અરજદારોની અરજીને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડતો હોય તેવું હાલના તબકકે માનવાને કારણ જણાય આવે છે.

(૯) આ કામેની માર્ક – ૩/૧ વાળી અરજી વંચાણમાં લેવામાં આવે તો માર્ક – ૩/૧ વાળી અરજી તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ આંક – ૧ તળે હુકમ કરી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરેલ હોય તેવું ફલિત થઈ રહેલ છે. માર્ક – ૩/૧ વાળી અરજી તળે કરવામાં આવેલો હુકમ વંચાણમાં લેવામાં આવે તો તા. ૧૩/૦૬/૨૦૧૧ નો રોજ મુદાઓ નકકી કરવામાં આવેલા હોવાનું લખવામાં આવેલ છે. તા. ૧૩/૦૬/૨૦૧૧ નો રોજ મુદાઓ નકકી કરવામાં આવ્યા બાદ અરજદારો હાજર રહેતા ન હોય મારા પુરોગામીશ્રી તરફે આંક – ૧૬ થી તેઓને નોટીસ કરવામાં આવેલ હોવા છતાં કોઈ હાજર રહેલ ન હોય તેથી તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવેલ હોય તેવું ફલિત થઈ રહેલ છે.

(૧૦) આ કામના અરજદારની તરફે રજુ રાખવામાં આવેલી માર્ક – ૩/૧ વાળી મુખ્ય દીવાની પરચુરણ અરજી નં. – ૮/૨૦૦૫ ના કામેની અરજી તથા તે કામેનો હુકમ વંચાણમાં લેવામાં આવે તો આ કામના અરજદારના પિતા તથા આ કામના સામાવાળાએ દાખલ કરેલી દીવાની પરચુરણ અરજી નં. – ૮/૨૦૦૫ વાળી તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ તેઓની ગેરહાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામાં આવેલ હોય તેવું ફલિત થઈ રહેલ છે. આ કામના અરજદારોના પિતાએ કરેલી સદર અરજી કાઢી નાખવામાં આવી ત્યારે આ કામના અરજદારોના પિતા હયાત હતા કે કેમ? તેવી કોઈ હકીકતો આંક – ૧ ની હકીકતો સંપૂર્ણપણે વંચાણમાં લ ેવામાં આવે તો જણાય આવતું નથી. આ કામના અરજદારોના પિતા કઈ તારીખે અવસાન પામેલા તેવી હકીકતો આ કામના અરજદારોએ પોતાની આંક – ૧ ની અરજીમાં લખેલ રજુઆત હોવા છતાં આ કામના અરજદાર તરફે આ હકીકતો અદાલત સમક્ષ છુપાવવામાં આવેલી હોય તેવું ફલિત થઈ રહેલ છે, એટલું જ નહિ પણ આ કામના અરજદારો તરફે તેઓના પિતા કઈ તારીખે અવસાન પામ્યા તેવી હકીકતોને સમર્થન કરતો દસ્તાવેજી પુરાવો મરણનો દાખલો પણ અદાલતમાં રજુ કરવાની દરકાર કરેલ નથી, જે વંચાણમાં લેવામાં આવે તો આ કામના અરજદારે તેઓના પિતાના અવસાનની તારીખ અદાલતમાં છુપાવવાનો પ્રયત્ન કરેલ હોય તેવું મારું માનવું છે. આ કામના અરજદારોના પિતા અવસાન પામ્યા બાદ હાલની અરજી પાવર ઓફ એટર્ની આધારે દાખલ કરવામાં આવેલ છે. સદર પાવર ઓફ એટર્ની વંચાણમાં લ ેવામાં આવે તો સદર પાવર ઓફ એટર્નીમાં પણ અરજદારોના પિતા કઈ તારીખે અવસાન પામેલા તેવી હકીકતોનો ઉલ્લેખ કરવાનું ટાળવામાં આવેલ હોય તેવું જણાય આવે છે. સદર પાવર ઓફ એટર્ની તા. ૨૦/૧૧/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે. સદર પાવર ઓફ એટર્નીમાં પણ અરજદારોના પિતા અવસાન પામેલા તેવી હકીકતો સબંધે પક્ષકારોનું મૌન જણાય આવે છે, જે વંચાણમાં લેવામાં આવે તો પણ આ કામના અરજદાર તેઓના પિતાનું અવસાન કઈ તારીખે થઈ જવા પામેલું તેવી હકીકતો અદાલતમાં છુપાવી રહેલા હોય તેવું ફલિત થઈ રહેલું છે. આ કામના અરજદારોના પિતા અવસાન પામેલ છે તેવું હાલના તબકકે ફલિત

થઈ રહેલ છે, પરંતુ જયાં સુધી અરજદારો પોતાના પિતાના અવસાનનો દાખલો અદાલતમાં રજુ રાખે નહિ ત્યાં સુધી તેઓના કથનને સમર્થન મળે છે તેવું માની શકાય નહિ. આ કામના અરજદારોના પિતાનો મરણનો દાખલો શા માટે અદાલતમાં રજુ રાખવામાં આવેલ નથી તે સબંધે આ કામના અરજદારો તરફે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ હોય તેવું પણ ફલિત થતું નથી જે આ કામના અરજદારોની વર્તણૂક ધ્યાને લેવી ખૂબ જ જરૂરી છે. આ કામના અરજદારોના પિતા અવસાન પામ્યા બાદ આ કામના અરજદારોના પિતાની તરફેણમાં અરજી એબેટ થયેલી છે તેવું અનુમાન થઈ શકે. જો અરજદારોના પિતા અવસાન પામ્યા હોય તો અરજદારોએ મુખ્ય અરજીના કામે નિયત સમયમર્યાદામાં અદાલતના રેકર્ડ પર જોડાઈ જવું જરૂરી બને. જો અરજદારો નિયત સમયમર્યાદામાં મુખ્ય અરજીના કામે જોડાયા ન હોય તો અરજદારના પિતાની વિરૂધ્ધમાં મુખ્ય અરજી એબેટ થઈ જવા પામે તેવી કાયદાની સ્થિતિ રહેલ છે. આ કામના અરજદારોના પિતા કયારે અવસાન પામ્યા તેવું આ કામના અરજદારોએ મુખ્ય અરજીમાં એટલા માટે લખેલું નહિ હોય કે જો સત્ય હકીકતો અદાલતના રેકર્ડ પર આવી જાય તો આ અરજી પણ કદાચ ટકવાપાત્ર રહે નહી. આમ, આ કામના અરજદારો અદાલત સમક્ષ હાઈડ એન્ડ સીકની ગેમ રમતા હોય અરજદારો અદાલત સમક્ષ સત્ય હકીકતો છુપાવતા હોય તેવી અરજદારોની વર્તણૂક જણાય આવતી હોય જે અરજદારોની વર્તણૂક નોંધપાત્ર જણાય આવે છે.

(૧૧) આ કામના અરજદારની અરજીના અનુસંધાને કાયદાની સ્થિતિ આ તબકકે ધ્યાને લેવામાં આવે તો જયારે કોઈ પણ વ્યકિતનો કેસ અદાલતે તેઓની ગેરહાજરીના કારણે કાઢી નાખેલો હોય ત્યારે આવો કેસ કાઢી નાખવામાં આવ્યો હોય ત્યારથી આવો કેસ ફરી દાખલ કરવા માટે એટલે કે રીસ્ટોર કરવા માટેની સમયમર્યાદા શરૂ થઈ જાય છે અને આ સમયમર્યાદા પૂરી થઈ ગયા બાદ જે – તે વ્યકિતએ વિલંબ માફ કરવાની અરજી સાથે આવી અરજી દાખલ કરવાની થતી હોય છે. આ કામના અરજદારોની મુખ્ય અરજી સને – ૨૦૧૩ માં કાઢી નાખવાનો હુકમ કરવામાં આવેલો છે. સદર હુકમ થયા બાદ આ કામના અરજદારોની

વિરૂઘ્ધ સમયમર્યાદા સતત અને સતત ચાલુ રહેતી હોય તેવી કાયદાની સ્થિતિ રહેલી છે. આ કામના અરજદારો અદાલત સમક્ષ એવી રજુઆત કરી શકે નહિ કે તેઓના જાણવામાં આવ્યું ત્યારથી આ સમયમર્યાદા શરૂ થયેલી કહેવાય. કાયદાની સ્થિતિ ઘ્યાને લેવામાં આવે તો જયારે કોઈ પણ વ્યકિતનો કેસ અદાલત તેની ગેરહાજરીમાં ડીસમીસ ફોર ડીફોલ્ટ કરે ત્યારથી તેની સમયમર્યાદા શરૂ થતી હોય તેવા સંજોગોમાં આ કામના અરજદારોને મુખ્ય અરજી કાઢી નાખ્યાની માહિતી ન હતી તેવું કારણ તેઓના વિલંબ માફ કરવાનું એક કારણ હોઈ શકે, પરંતુ તેવા કારણોસર આ કામના અરજદાર અદાલતને એવું કહી શકે નહિ કે તેઓની સમયમર્યાદા જયારથી તેમને કેસ કાઢી નાખ્યાની જાણ થઈ ત્યારથી ગણવી પડે. આ કામના અરજદારોએ વર્ષ – ૨૦૧૩ માં જયારે તેઓની અરજી કાઢી નાખવાનો હુકમ કરવામા આવ્યો ત્યારથી તેઓ સમયમર્યાદા ગણી અને સમગ્ર સમય બાદ કરવા માટેની માંગણી તેઓએ કરવી પડે એટલે કે તા. ૧૦/૧૨/૨૦૧૩ ના રોજ મુખ્ય અરજી કાઢી નાખવાનો હુકમ કરવામાં આવ્યો ત્યારબાદ નિયત સમયમર્યાદામાં આ અરજી ફરી ફાઈલે લેવા માટેની કાર્યવાહી કરવાની થાય અને તે સમય પૂરો થઈ ગયા બાદ વિલંબ બાદ કરવા માટેની કાર્યવાહી કરવી પડે. તે રીતે જોવામાં આવે તો વર્ષ – ૨૦૧૭ સુધીનો સમય આ કામના અરજદારે વિલંબ માફ કરાવવાનો થતો હોય તેવું માનવું પડે, પરંતુ અરજદારો અદાલતમાં તેઓને નકલ મળી ત્યારથી તેઓ સમય ગણતા હોય તે કાયદાની સાચી પરિસ્થિતિ ન હોય તે સંજોગોમાં પણ તેર માસનો વિલંબ માફ કરવાની આ કામના અરજદારોની જે રજુઆતો છે તેને કાયદાને સમર્થન મળતું હોય તેવું જણાય આવતું ન હોય તેવા કારણોસર પણ આ કામના અરજદારોની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાય આવતી નથી.

ઉપરોકત હકીકતો, કારણો, સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ઘ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**CMA NO 45 OF 2019**

**ORDER BELLOW EX - 01**

**— :: આખરી હુકમ :: —**

(૧) આ કામના અરજદારની મુદત મર્યાદા અધિનિયમ કલમ – ૫ મુજબની હાલની અરજી આથી નામંજુર યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ અરજીના ખર્ચ અંગે અલગથી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા. ૧૧મી, માહે. – જાન્યુઆરી, સને ૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Date : 11/01/2021**
**Place : Jetpur.**

**(Pareshgiri Natvargar Goswami**
**Principal Senior Civil Judge**
**Jetpur. CODE No. - GJ01037**